

# રમેશભાઈ એન. મિસ્ત્રી


**ધારાસભ્ય - ૧૫૩ ભરૂચ વિધાનસભા**

૪૧, ધર્મનગર સોસાયટી, પ્રાર્થના વિદ્યાલય પાસે, મુ.પો. ભોલાવ-૩૯૨૦૦૧, તા. જી. ભરૂચ, ગુજરાત


રેફરન્સ નં. : એમ.એલ.એ.-૧૫૩ ભરૂચ / ૧૩૨૨ – ૨૦૨૫ તારીખ : ૧૧ ડિસેમ્બર ૨૦૨૫

## શુભેચ્છા સંદેશ

શ્રી નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ, ભરૂચ દ્વારા સંચાલિત નારાયણ વિદ્યાલય, ભરૂચ શહેર તથા આજુ-બાજુનાં ગ્રામ્ય વિસ્તારોમાં ઘણાં વર્ષાથી એક પ્રતિષ્ઠા ધરાવતું માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક, વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહનું શૈક્ષણિક સંસ્થાન છે. નારાયણ વિદ્યાલય દ્વારા વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો સતત પ્રવાહ વહેતો રાખી વિદ્યાર્થીના વિકાસને હંમેશા અગ્રતાક્રમ આપવામાં આવેલ છે. અને આ પ્રક્રિયાનાં ભાગ રૂપે વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓની સિધ્ધીઓને બિરદાવતો, શિક્ષકો અને વાલીઓને પ્રોત્સાહિત કરતો અને સમાજમાં હંમેશા પ્રેરણા મળતી રહે તેવા વિદ્યાલય દ્વારા યોજાયેલ વિવિધ નવતર શૈક્ષણિક પ્રયોગો, શિક્ષકોનાં જ્ઞાનસત્રો, પ્રોજેક્ટ પ્રદર્શનો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સહ-અભ્યાસની પ્રવૃત્તિઓને સમાવિષ્ટ કરતો ૨૦૨૫-૨૬ નો "નારાયણ ધ્વનિ" નામનો ગુજરાતી માધ્યમની ૩૯મી આવૃત્તિ તથા અંગ્રેજી માધ્યમનો અંક-૯, ૪૦મી આવૃત્તિનો એક-એક અંક પ્રગટ કરવામાં આવી રહ્યો છે. તે જાણી ખુબ આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું.

આ "નારાયણ ધ્વનિ" ના ગુજરાતી અને અંગેજી માધ્યમનાં બંને અંકો જયારે પ્રગટ થઇ રહ્યાં છે ત્યારે આ ભગીરથ કાર્યમાં સહભાગી વિદ્યાલયનાં વિદ્યાર્થી ભાઇ-બહેનો, શિક્ષકગણ, આચાર્યશ્રીઓ તથા શાળા સંચાલક મંડળનાં દરેકને સતત આવી પ્રવૃત્તિઓને વેગ આપવા માટે કોટિ-કોટિ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

**આભાર સહ...**

**આપનો**

Ramesh N. Mistry — M.L.A. : 153 BHARUCH

રમેશભાઇ એન. મિસ્ત્રી
ધારાસભ્ય - ૧૫૩ ભરૂચ

**પ્રતિ,**
**આચાર્યશ્રી, નારાયણ વિદ્યાલય,**
**ત્રિમૂર્તિ હોલ પાછળ, શકિતનાથ, ભરૂચ.**

---



# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી


**હોસ્ટેલ ગ્રાઉન્ડ, સેવાશ્રમ સામે, ભરૂચ.**

E-mail : bharuchdeo@gmail.com Phone : 02642-240424


જા.નં. : મા-૨/શુભેચ્છાપત્ર/૨૦૨૫-૨૬/૩૪૬ તા. ૦૧/૦૧/૨૦૨૬

## શુભેચ્છા સંદેશ

પરમ શ્રધ્ધેય પૂજયપાદ બ્રહ્મલીન સંત શ્રી નારાયણ બાપુના શુભાશિષથી નારાયણ વિદ્યાલય, ભરૂચ અત્રેના જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ સોપાનો સર કરી રહી છે. ત્યારે "નારાયણ ધ્વનિ" ગુજરાતી માધ્યમ અંક – ૩૯ મી અને અંગ્રેજી માધ્યમ અંક – ૯-૪૦ ૨૦૨૫-૨૬ પ્રગટ કરી રહ્યા છો, જે આનંદદાયક બાબત છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા નવાચાર સરાહનીય છે.

વર્ષ દરમ્યાન શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં યોજાયેલ વિવિધ પ્રયોગો, નવીન પ્રવૃત્તિઓ, શિક્ષકોનું જ્ઞાનસત્ર, પ્રોજેક્ટ પ્રદર્શન, જ્ઞાનોત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિદ્યાર્થીઓની વિવિધ સિધ્ધિઓને બિરદાવતો, વિદ્યાર્થીઓમાં રહેલી મૌલિકતા, સર્જનાત્મક અને વૈજ્ઞાનિક શૈલીને ખીલવતો અને વાલીઓને પ્રોત્સાહન આપતો, સમાજમાં પ્રેરણા પ્રસરાવતો જ્ઞાનસભર શૈક્ષણિક અંક "નારાયણ ધ્વનિ" પ્રકાશિત થઇ રહ્યો છે. જે કાર્ય આપ સૌ શાળા પરિવારનું સરાહનીય છે. જે બદલ સૌ શાળા પરિવારને હૃદયપૂર્વકથી શુભેચ્છા પાઠવું છું. આપનો "નારાયણ ધ્વનિ" વાચક વર્ગને પ્રેરણાદાયી અને ઉપયોગી બને એવી શુભેચ્છા.

આપની શાળા, શિક્ષકો અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેનાં આ પ્રયત્નો ભવિષ્યમાં પણ પ્રગતિશીલ રહે. આપનો પુરુષાર્થ, ક્ષમતા પરિણામ સ્વરૂપે પ્રવર્તે અને આપની આ પહેલ સતત ગતિશીલ રહે તેવી આપના વ્યવસ્થાપક, કાર્યકર્તા સંચાલકો શિક્ષકો સૌને ગૌરવભેર શુભેચ્છાઓ.

(જિલ્લા શિક્ષણાધિકારીશ્રી)
ભરૂચ